આકાશવાણી ભુજ

સમાચાર વાચક : આરતી ભટ્ટ

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-13-08-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

----------------------------------------------------------------------------------

## કેન્દ્ર સરકાર – સૌર ઘર મફત વીજળી

**કેન્દ્ર સરકારે પીએમ સૌર ઘર મફત વીજળી યોજના હેઠળ આદર્શ સૌર ઘર માટેની માર્ગદર્શિકા જાહેર કરી છે. નવીન અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રાલય દ્વારા એક નિવેદનમાં કહેવાયું છે કે આ યોજના અંતર્ગત પ્રત્યેક જિલ્લામાં એક સૌર ગામ તૈયાર કરાશે. અને પ્રત્યેક સૌર ગામ દીઠ રૂપિયા એક કરોડ, જ્યારે સમગ્ર યોજનામાં કુલ 800 કરોડ રૂપિયાની ફાળવણી કરાઈ છે. વધુમાં આ યોજના હેઠળ પાંચ હજારની વસતી ધરાવતા જયારે કે, વિશેષ શ્રેણીમાં બે હજારથી વધુ વસતિ ધરાવતા અને આવક કરતા ગામોને સામેલ કરાશે.**

નેશનલ ન્યુઝ

----------------------------------------------------------------------------------

## કેન્દ્રીય રમત ગમત મંત્રીશ્રી માંડવિયા

કેન્દ્રીય યુવા અને રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ **2047** સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવામાં યુવાનોની ભૂમિકા સૌથી મહત્વની હોવાનું જણાવ્યું છે.

અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય યુવા દિવસ નિમિત્તે યોજાયેલા “ઇમ્પેક્ટ વિથ યૂથ” કાર્યક્રમમાં યુવાનોને સંબોધતા શ્રી માંડવિયાએ દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવામાં તેમના ક્ષેત્રમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી દેશના વિકાસમાં યોગદાન આપવા યુવાનોને હાકલ કરી હતી. દરમિયાન તેમણે યુવાનોને માય ભારત પૉર્ટલનો મહત્તમ ઉપયોગ કરવા માટે અપીલ કરી હતી.

RNU અમદાવાદ

----------------------------------------------------------------------------

## બિન અધિકૃત ગેરહાજર શિક્ષકો સામે કાર્યવાહી

**રાજ્યની સરકારી શાળામાં બિનઅધિકૃત રીતે ગેરહાજર રહેતા શિક્ષકો સામે રાજ્ય સરકાર કડક કાર્યવાહી કરશે. રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી પ્રફુલ પાનશેરિયાએ આ અંગે શિક્ષણ વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. દરમિયાન આવા શિક્ષકો સામે કાયદાકીય પગલાં લેવા અંગે પણ ચર્ચા થઇ હતી.**

**શ્રી પાનશેરિયાએ કહ્યું, આવા શિક્ષકો સામે પગલાં લેવા અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ચર્ચા કરવામાં આવી છે. રાજ્યમાં હાલમાં 17 જિલ્લાના શિક્ષકો બિનઅધિકૃત રીતે રજા પર હોવાનું ધ્યાને આવ્યું છે. જ્યારે 32 શિક્ષકો અત્યાર વિદેશમાં છે.**

RNU અમદાવાદ

----------------------------------------------------------------------------

## મન કી બાત પ્ર.મંત્રી શ્રી મોદી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 25મી ઓગસ્ટે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાત કાર્યક્રમની આ 113મી કડી છે. આકાશવાણી દ્વારા હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં મન કી બાત કાર્યક્રમનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં,શ્રી મોદીએ લોકોને વિવિધ વિષયો પર પોતાના વિચારો અથવા સૂચનો MyGov ઓપન ફોરમ, નમો એપ પર સૂચનો લખવા અથવા ટોલ ફ્રી નંબર 1800-11-7800 ઉપર સંદેશાઓ રેકોર્ડ કરવા માટે આહ્વાન કર્યું છે.

RNU અમદાવાદ

----------------------------------------------------------------------------

## ખરીફ પાકની ડિજીટલ મોજણી

કચ્છમાં હાલ ચોમાસુ પાકની વાવેતરની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. અત્યાર સુધી જિલ્લામાં અંદાજે ચાર લાખ હેકટરમાં ખરીફ પાકનું વાવેતર થઈ ચુક્યું છે. કેન્દ્ર સરકારના સીધા માર્ગદર્શન હેઠળ રાજ્યની સાથે કચ્છમાં પણ પ્રથમ વખત વાવતેરની ડિજિટલ મોજણી હાથ ધરાશે. કચ્છની સાથએ આખા રાજ્યમાં 10 હજાર જેટલા સર્વેયરો જોડાશે. 30 સપ્ટેમ્બર સુધી ડિજિટલ મોજણીની કામગીરી સંપન્ન થશે. જયારે રાજ્યવ્યાપી કામગીરીનો 16 ઓગસ્ટથી હાથ ધરવામાં આવશે.

**પ્ર. આરતી ભટ્ટ /NP**

---

## સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી – દિલ્હી કચ્છના મહિલા સરપંચ

આગામી સ્વાતંત્ર્ય પર્વની દિલ્હી ખાતે થનારી ઉજવણીમાં ભાગ લેવા કચ્છ સહિત રાજ્યના 6 ખેડૂતોને કેન્દ્રના કૃષિ ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. ગુજરાત સહિત દેશના 36 રાજ્યોમાંથી પ્રધાનમંત્રી કિસાન સન્માનનિધિ યોજનાના 125 લાભાર્થી ખેડૂતોને આમંત્રિત કરાયા છે. તો સ્વતંત્રતા દિવસની ઉજવણી નિમિતે પંચાયતી રાજ મંત્રાલય દ્વારા જિલ્લાના કુનરિયા અને કનકપર ગામના 2 મહિલા સરપંચને પરેડ અને રાષ્ટ્રીય કાર્યશાળામાં ભાગ લેવા આમંત્રિત કરાયા છે.

**પ્ર. કલ્પના શાહ /NP**

---

## સાયન્સ સેન્ટરમાં ઉજવણી

રાષ્ટ્રીય અવકાશ દિવસ નિમિતે ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી અને સ્પેસ એપ્લિકેશન સેન્ટરના સંયુક્ત ઉપક્રમે રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમો યોજાશે.

ગાંધીનગરની કેન્દ્રીય વિદ્યાલયથી આ ઉજવણીનો પ્રારંભ થયો હતચો. 23 ઓગસ્ટ સુધી ચાલનારી આ ઉજવણીમાં ભુજ સહિત પાટણ, ભાવનગર અને રાજકોટના પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્રો ઉપરાંત કમ્યુનિટી સાયન્સ સેન્ટરમાં અવકાશ અંગેના ફિલ્મ શો, અવકાશ વૈજ્ઞાનિકો સાથે ચર્ચા તેમજ રોકેટરી વર્કશોપ અને ચિત્ર સ્પર્ધા સહિતની સ્પર્ધાઓ યોજાશે.

ઉલ્લેખનીય છે કે, વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રત્યે શાળાના વિદ્યાર્થીઓ રૂચિ કેળવવા માટે દર વર્ષે 23મી ઓગસ્ટનો દિવસ રાષ્ટ્રીય અવકાશ દિવસ તરીકે ઉજવાય છે.

**પ્ર. કલ્પના શાહ /NP**

---

RNU BHUJ